**પંચાયતઘર સહ તલાટી-કમ-મંત્રી આવાસ યોજનામાં**
**યુનિટ કોસ્ટમાં વધારો કરવા અંગે.**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ-૧૧૦૫-૩૬૪૫-ચ
સચિવાલય, ગાંધીનગર.
તા:૬-૨-૨૦૦૬.

વંચાણે લીધા:-

૧. આ વિભાગના તા:૭-૮-૯૮ ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૯૭-૪૪૯-ચ
૨. આ વિભાગના તા:૨૮-૮-૯૮ ના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૯૭-૪૪૯-ચ
૩. આ વિભાગના તા:૩-૯-૦૨ ના ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૧-૯૭૬-ચ
૪. વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા:૬-૯-૦૫ ના પત્ર ક્રમાંક:કાર્યક્રમ-૨-પં.ઘર.કમ-ત.ક.મં- યુનિટ કોસ્ટમાં વધારો-૨૦૦૫ થી કરવામાં આવેલ દરખાસ્ત.

ઠરાવ :

રાજ્યમાં પંચાયતઘર અને તલાટી-કમ-મંત્રી આવાસ યોજના ૧૯૯૨-૯૩ થી અમલમાં મૂકવામાં આવેલ છે.

આમુખના ક્રમાંક:(૨) હેઠળના ઠરાવની પંચાયત-સહ-તલાટી-કમ-મંત્રી આવાસ યોજનામાં યુનિટ દીઠ કોસ્ટ રૂ.૧,૮૦,૦૦૦/-( અંકે રુપિયા એક લાખ એંસી હજાર પુરા) નક્કી કરવામાં આવેલ.

૩. ૨૬ મી જાન્યુઆરી-૨૦૦૧ ના રોજ રાજ્યમાં આવેલ ભુકંપના કારણે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આવેલ પંચાયતઘર નાશ પામેલ અથવા ભારે નુકશાન થવા પામેલ ભુકંપ ઝોનમાં આવેલ જિલ્લાઓમાં પડી ગયેલ પંચાયત ઘરો ભુકંપ પ્રતિકારક બનાવવાનું આયોજન થતાં, રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ સી.ડી.પી.-૫ યોજના હેઠળ દર વર્ષે બાંધવામાં આવતાં પંચાયત સહ તલાટી-કમ-મંત્રી આવાસો પણ મજબુત, ટકાઉ અને ભુકંપ પ્રતિરોધક બને તે બાબતને ધ્યાનમાં રાખી સરકારશ્રીના ખાસ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર તરફથી નવીન બનાવેલ ટાઇપ ડીઝાઇન મુજબ બનાવવા માટે આમુખના ક્રમાંક:૪ ના પત્રથી વિકાસ કમિશ્નરશ્રીએ દરખાસ્ત કરેલ છે.

૪. પંચાયતઘર સહ તલાટી-કમ-મંત્રીના આવાસોના યુનિટ કોસ્ટ-રૂ.૧.૮૦ લાખ ૧૯૯૭-૯૮ ના વર્ષમાં નક્કી કરવામાં આવેલ. ત્યારબાદ એસઓઆર સુધારેલ છે તે ધ્યાને લેતાં અને પંચાયત ઘર સહ તલાટી-કમ-મંત્રી આવાસને ભુકંપ પ્રતિકારક બનાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. વિકાસ કમિશ્નરશ્રી દ્વારા કચ્છ જીલ્લા માટે રૂ.૩.૨૦ અને અન્ય જિલ્લાઓ માટે રૂ.૩.૦૮ લાખની યુનિટ કોસ્ટ અને (૨) પંચાયત ઘર કમ તલાટી-કમ-મંત્રી આવાસની બહારની દિવાલ ૨૫ સેમી.ની રાખવાની દરખાસ્ત થઇ આવેલ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રીએ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતઘર કમ તલાટી-કમ-મંત્રી આવાસ ભુકંપ પ્રતિરોધક બને તે હેતુથી નવા એસઓઆર મુજબ કચ્છ જીલ્લા માટે (ભુકંપ ઝોન-૪ અને ૫ માટે) પંચાયત ઘર તલાટી-કમ-મંત્રી આવાસની યુનિટ કોસ્ટ રૂ.૩.૬૫ લાખ( અંકે રુપિયા ત્રણ લાખ પાંસઠ હજાર પુરા) અને રાજ્યના અન્ય વિસ્તારો માટે રૂ.૩.૩૨ લાખ( અંકે રુપિયા ત્રણ લાખ બત્રીસ હજાર પુરા) યુનિટ કોસ્ટ રાખવાનું નીચેની શરતોને આધિન રહીને આથી ઠરાવવામાં આવે છે.

(૧) પંચાયત ઘર તલાટી-કમ-મંત્રી આવાસની ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગની મળેલ મંજુરી પ્રમાણે પંચાયતઘર અને તલાટી-કમ-મંત્રીના આવાસની ભુકંપ પ્રતિરોધક કરવા માટે બહારની દિવાલ ૨૫.૦૦ સે.મી. જાડાઇ રાખવાની રહેશે. આમાં કોઇ ફેરફાર કરવાનો અવકાશ રહેશે નહિ અને આ કામો ચાલુ વર્ષમાં પુર્ણ કરવામાં આવે તે અંગેની સંપુર્ણ જવાબદારી વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની રહેશે.

(૨) આ આવાસો મજબૂત ટકાઉ અને ભુકંપ પ્રતિરોધક બને તેને ધ્યાનમાં લઈ સરકારશ્રીના ખાસ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર તરફથી નવીન બનાવેલ ટાઈપ ડીઝાઈન મુજબ બને તેની પુરતી કાળજી રાખવાની રહેશે.

(૩) આ અંગે થનાર ખર્ચ આયોજન સદર હેઠળના માંગણી નં.૭૦ હેઠળના મુખ્ય બજેટ સદર ૨૫૧૫- અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમો ગૌણ સદર-૧૦૨-સમુહ વિકાસ પેટા સદર(૪) સીડીપી-૫ પંચાયતઘર અને તલાટી-કમ-મંત્રી માટે નિવાસ બાંધવા માટે ગ્રામ પંચાયતોને સહાયક અનુદાન હેઠળથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

(૪) આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનો આ અંગેનો ખર્ચ આયોજન સદર હેઠળના માંગણી ક્રમાંકઃ૯૬ ના અંદાજપત્ર સદર-૨૫૧૫ અન્ય ગ્રામિણ વિકાસ કાર્યક્રમને ગૌણ સદર-૭૯૬ આ.વિ.પે.યો.(૭) સીડીપી-૫ પંચાયત ઘર અને તલાટી-કમ-મંત્રીના નિવાસના બાંધકામ માટે ગ્રામ પંચાયતોને સહાય અનુદાન હેઠળથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

(૫) આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માર્ગ અને મકાન વિભાગની તાઃ૨૯-૦-૦૬ ની અને નાંણા વિભાગની તાઃ૩-૨-૦૬ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એ.ગામેતી)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પં) સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી(પં) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, ગુજરાત સરકાર, અમદાવાદ/રાજકોટ.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.(ડીઝાઈનની નકલ સામેલ છે)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણાંકીય સલાહકારશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.
- નાણાં વિભાગ, ક.૧. શાખા, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઈલ.
- શાખા સિલેકટ ફાઈલ.